# પ્રેસનોટ

આનંદનગર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.ન-૮૪/૨૦૧૯ ઇપીકો કલમ ૩૩૬ ,૧૧૪ તથા આર્મ્સ એકટ કલમ ૨૫(૧)(બી)(એ),30 તથા જીપીએક્ટ કલમ ૧૩૫ (૧) મુજબ ના કામે ગઈ તા.૨૦/૦૯/૨૦૧૯ ના રોજ આશરે કલાક ૨૩/30 વાગ્યા ના અરસામાં એક અલ્ટો કાર નં- GJ-18 BK.3898 નં ની કાર મા કેટલાક ઈસમો વિનસ એટલાન્ટિસ મા પાર્કિંગ માં આવેલ અને ગાડી ની નીચે ઊતરી બર્થડે મનાવવાના બહાના હેઠળ પોતાની પાસેથી રિવોલ્વર થી હવા માં ફાયર કરેલાનો બનાવ બનતા તથા સ્થળ પરથી NP RIVOLVER.32 MK - IV SAF KANPUR INDIA 2019 E- 1403 લખાણ વાળી રિવોલ્વર તથા અલ્ટો કાર નંબર GJ - 18 - BK - 3898 ની મળી આવતા આ બાબતે અત્રેના પોલીસ સ્ટેશન ખાતે ઉપરોક્ત નંબર થી ગુન્હો દાખલ કરવામાં આવેલ છે.

સદરી ગુનાના કામે મે. સેક્ટર -૧ સાહેબ શ્રી તથા મે. નાયબ પોલીસ કમિશનર સાહેબ શ્રી ઝોન-૭ તથા મદદનીશ પોલીસ કમિશનર સાહેબ શ્રી " એન" ડિવિઝન અમદાવાદ શહેર નાઓ તરફ થી અલગ અલગ ટીમો બનાવી ગુન્હો શોધી કાઢવા તથા આરોપીઓ પકડી પાડવા જરૂરી માર્ગદર્શન તથા સૂચનાઓ આપવામાં આવેલ હતી. જે સૂચના મુજબ ઉપરી અધિકારી શ્રી નાઓ ના માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી એસ. જે. બલોચ સાહેબ નાઓની સૂચના મુજબ પો.સબ. ઇન્સ.શ્રી વિ. આર. ચૌહાણ તથા તેઓની ટીમના હેડ કોન્સ્ટેબલ શૈલેષભાઇ મોહનભાઇ બ.નંબર ૪૫૫૯ તથા અનાર્મ પોલીસ કોન્સ્ટેબલ ગભરુભાઈ ધનાભાઈ બ.નં.૧૦૨૬૦ તથા પોલીસ કોન્સ્ટેબલ નરેશકુમાર કરશનભાઇ બ.નં.૫૦૯૮ નાઓ આરોપીઓ ની તપાસ કરતા આરોપી નંબર (૧)કુલદીપસિંહ ધનશ્યામસિંહ પરમાર ઉ.વ.૨૮ , હાલ રહેવાસી - ગામ - વડસર તા. કલોલ જિલ્લો- ગાંધીનગર સરકારી કવાર્ટર મૂળ રહેવાસી પાણસીના તા લીમડી જિ - સુરેન્દ્રનગર આરોપી નંબર(૨) કરણજી દિપકજી ઠાકોર ઉ.વ.૨૧ ,રહેવાસી લીમડી વાળો વાસ , ગામ- રકનપુર, તા.કલોલ, જિલ્લો- ગાંધીનગર નાઓની સંડોવણી બહાર આવેલ જે બન્ને આરોપીઓ ની તપાસમાં હતા દરમ્યાન પો.સબ.ઇન્સ. શ્રી વી.આર.ચૌહાણ સાહેબના ઓની ટીમના અનાર્મ પોલીસ કોન્સ્ટેબલ ગભરુભાઈ ધાનાભાઈ બ. નં.૧૦૨૬૦ નાઓને બાતમી હકીકત મળેલ કે આ બન્ને ઉપરોક્ત આરોપીઓ રીક્ષા મા બેસી ભાડજ રિંગરોડ તરફ આવી રહેલ છે. અને ભાડજ સર્કલ પાસે રીક્ષા માં થી ઉતરી આ બન્ને આરોપીઓ ભાડજ સર્કલ થી ચાલતા ચાલતા શીલજ સર્કલ તરફ જઇ રહેલ હોવા અંગેની બાતમી હકીકત ચાલુ હોય જે બન્ને ઉપરોક્ત આરોપીઓને આજરોજ તા.૨૩/૦૯/૨૦૧૯ ના કલાક૧૬/૧૫ વાગ્યે ઉપરોક્ત ગુન્હા ના કામે પકડી અટક કરવામાં આવેલ છે.
તા.૨૩/૯/૨૦૧૯